વિકસતી જાતિ કલ્યાણ ખાતાના વર્ગ–૩
ના કર્મચારીઓના મંડળ(સૂચિત)ને
માન્યતા આપવા અંગે.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ–૧૫૯૯–૧૦૮૭–અ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– 30 NOV 2002

**વંચાણમાં લીધા :–**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૦–૧૧–૯૯ નો પત્ર ક્રમાંકવિજાક–મકમ–૯૯–૨૦૦૦/૨૫૭૪
(૨) શ્રમ અને રોજગાર વિભાગનો તા.૭–૭–૨૦૦૦ નો પત્ર ક્રમાંકઃ ટીયુએ/૨૦૦૦/યુઓઆર–૫.મ(૩)

**ઠ રા વ :–**

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાના તા.૨૦–૧૧–૦૦ ના પત્ર ક્રમાંકઃવિજાક–મકમ–૯૯–૨૦૦૦–૨૫૭૪ થી વિકસતી જાતિ કલ્યાણ ખાતાના વર્ગ–૩ ના કર્મચારીઓના મંડળ(સૂચિત)ને માન્યતા આપવા માટે કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

આ બાબતમાં કાળજીપૂર્વકની વિચારણા બાદ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાના વર્ગ–૩ ના કર્મચારીઓના મંડળને નીચે જણાવેલ શરતોને આધીન માન્યતા આપવામાં આવે છે.

(૧) આ મંડળનું નામ "ગુજરાત રાજય વિકસતી જાતિ કલ્યાણ ખાતાના વર્ગ–૩ ના (બિનરાજયપત્રિત) કર્મચારી મંડળ" રહેશે.
(૨) મંડળે છાપેલાં લેટરપેડ ઉપર સઘળો પત્ર વ્યવહાર કરવાનો રહેશે.
(૩) આ એસોસીએશનમાં વિકસતી જાતિ કલ્યાણ ખાતામાં ફરજ બજાવતા વર્ગ–૩ ના કર્મચારીઓ જ સભ્ય થઈ શકશે.
(૪) એસોસીએશને તેની સભ્ય સંખ્યા તથા હોદેદારોની યાદી દર વર્ષે આ વિભાગને અચૂક મોકલવાની રહેશે.
(૫) મંડળે તેના માન્ય બંધારણમુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(પાછળ)

૩૫૧

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકના ફાઈલ પર સામાન્ય વહીવટ વિભાગની અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ડી. પી. પરમાર )
સેકશન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.(સા. શૈ . અને પ. વ )
સચિવાલયના સર્વે વિભાગો(મંડળોના મેઈલીંગ લીસ્ટમાં જરુરી નોધ લેવાની વિનંતી સાથે)
પ્રમુખશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, વર્ગ–૩ ના કર્મચારીઓનું મંડળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
નિયામકશ્રી, વિકસતી જાતિ, કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગ, ક–શાખા, સચિવાલય, ગાંધીનગર.
શ્રમ અને રોજગાર વિભાગ,મ.૩ શાખા, સચિવાલય, ગાંધીનગર.
સિલેકટ ફાઈલ.